| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|


તા.૦૮/૦૧/૨૦૨૦ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૫૨/૨૦૨૦**

# પાસા અટકાયતની વિગત

## નારોલ પોલીસ સ્ટેશન :

### શરીર સબંધી ગુનામાં પાસા હેઠળ અટકાયત કરી વડોદરા જેલ મોકલતી

મે.પોલીસ કમિશ્નરશ્રી આશિષ ભાટીયા સાહેબ તેમજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સા.તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ ઇ.મદદનીશ પોલીસ કમિશ્નશ્રી “કે” ડીવીઝન સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ શરીર સબંધી ગુનાઓની પ્રવુતિ સદંતર નેસ્ત નાબુદી કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જેથી પો.ઇન્સ એસ.એ.ગોહિલ તથા સ્ટાફના માણસોએ અમદાવાદ શહેરના અલગ અલગ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ શરીર સબંધી ગુનાઓ જેમાં (૧) વટ્વા પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૧૪/૧૭ ધી ઇ.પી.કો. કલમ ૩૯૫,૪૫૨, ૩૨૩, ૨૯૪(ખ),૪૨૭ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ તથા (૨) નારોલ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૯૧/૧૯ ધી ઇ.પી.કો.કલમ ૩૨૩,૩૨૪,૨૯૪(ખ), ૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫ મુજબના ગુનાઓના કામના આરોપી અંકિત શૈલેષભાઇ સોલંકી ઉ.વ.૨૫ રહે.આબેડકરવાસ શાહવાડી જુની પાણીની ટાકી પાસે અમદાવાદ શહેરનાઓની વિરૂદ્ધ પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર ના પાસા અટકાયતી હુકમ ક્રમાંક : પીસીબી/ડીટીએન / પાસા /૨૪ /૨૦૨૦ તા.૦૬/૦૧/૨૦૨૦ થી પાસા અટકાયતી નો હુકમ કરતા સદર આરોપીને આજ-રોજ તારીખ. ૦૭/૦૧/૨૦૨૦ ના કલાક ૧૯/૩૦ વાગ્યે બજવણી કરી યોગ્ય પોલીસ જાપ્તા સાથે વડોદરા જેલ ખાતે મોકલી આપેલ છે.



## <u>ગુના નિવારણ શાખા :</u>

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નરશ્રી આશીષ ભાટિયાનાઓએ <u>તા.૭.૧.૨૦૨૦</u> નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં મિલ્કતસબંધી/શરીર-સબંધી/ પ્રોહીબીશનની ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

- અમદાવાદ શહેરના કારંજ તથા શાહપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા લોકોના મકાનની લોખંડની જાળીનો દરવાજો ખોલી મકાનમા પ્રવેશ કરી મો.ફોન તથા રોકડ નાણાની ચોરી કરનાર અને ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ આદીલખાન ઈમદાદખાન પઠાણ રહેવાસી- મ.ન.૧૯૬૩/૪ સૈયદવાડા ખાનપુર શાહપુર અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી ભુજ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | આદીલખાન ઈમદાદખાન પઠાણ રહેવાસી- મ.ન.૧૯૬૩/૪ સૈયદવાડા ખાનપુર શાહપુર અમદાવાદ |

- અમદાવાદ શહેરના ઈસનપુર તથા ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોતાના સાગરિતો સાથે મળી લોકોએ જાહેર રોડ ઉપર પાર્ક કરેલ ટ્રક્ની ડીઝલની ટાંકીનો લોક તોડી ૨૭૦ લીટર તેમજ ૧૪૦ લીટર ડીઝલની ચોરી કરી લઈ જઈ એક્બીજાના મેળાપીપણામા આર્થિક નાણાકીય લાભ મેળવવાના ઈરાદે જાહેર જનતાને આર્થિક નુકશાન કરનાર અને ગુનાહિત માનસ ધરાવનાર ઈસમો (૧) ઉમરખાન સાજીદખાન આબીદખાન પઠાણ રહેવાસી- મ.ન.૧૦ રહીમનગર ઠાકોરવાસની બાજુમા બોમ્બે હોટલ દાણીલીમડા અમદાવાદ શહેર (૨) નુરુદીન યાસીનખાન મીરઝા રહેવાસી- મ.ન.૩૨૦ ન્યુફ ફૈજલનગર, હરીયાલી બસ સ્ટેન્ડ પાછળ,દાણીલીમડા,અમદાવાદ શહેર મુળવતન ગામ-શેહનનગર તા-ઝાસી ઉત્તર પ્રદેશ નાઓની વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી રાજકોટ તથા વડોદરા જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | ઉમરખાન સાજીદખાન આબીદખાન પઠાણ રહેવાસી- મ.ન.૧૦ રહીમનગર ઠાકોરવાસની બાજુમા બોમ્બે હોટલ દાણીલીમડા અમદાવાદ શહેર |

| | |
|---|---|
|  | નુરૂદીન યાસીનખાન મીરઝા રહેવાસી- મ.ન.૩૨૦ ન્યુફ ફૈજલનગર, હરીયાલી બસ સ્ટેન્ડ પાછળ,દાણીલીમડા,અમદાવાદ શહેર મુળવતન ગામ-શેહનનગર તા-ઝાસી ઉત્તર પ્રદેશ |

- અમદાવાદ શહેરના દાણીલીમડા તથા ઈસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોતાના સાગરિતો સાથે મળી મો.સા.ઉપર જતા લોકોને રોકી છરી બતાવી ગડદાપાટુનો માર મારી ખિસ્સામાથી રોકડ નાણાની લુટ કરનાર તેમજ ગોડાઉનમા પાર્ક કરેલ ટ્રક્ની ડીઝલ ટાંકીનો લોક તોડી ૨૦૦ લીટર ડીઝલની ચોરી કરી લઈ જઈ એક્બીજાના મેળાપીપણામા આર્થિક નાણાકીય લાભ મેળવવાના ઈરાદે જાહેર જનતાને આર્થિક નુકશાન કરનાર અને ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ શાહરુખ ઉર્ફે મસરી યુસુફભાઈ કરીમભાઈ સૈયદ રહેવાસી- મ.ન.એ/૬ હજરત કલન્દર નગર, કોઝી હોટલની પાછળ બોમ્બે હોટલની અંદર વહાબ મસ્જીદની સામે દાણીલીમડા અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | શાહરુખ ઉર્ફે મસરી યુસુફભાઈ કરીમભાઈ સૈયદ રહેવાસી- મ.ન.એ/૬ હજરત કલન્દર નગર, કોઝી હોટલની પાછળ બોમ્બે હોટલની અંદર વહાબ મસ્જીદની સામે દાણીલીમડા અમદાવાદ |

- અમદાવાદ શહેરના દાણીલીમડા તથા કાગડાપીઠ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોતાના સાગરિતો સાથે મળી બીઆરટીએસ બસમા ભીડભાડનો લાભ લઈ લોકોની નજર ચુકવી પર્સ તથા થેલીને બ્લેડથી ચેકો મારી રોકડ નાણા તથા મો.ફોન તેમજ ડોકયુમેન્ટની ચોરી કરી જનાર અને ગુનાહિત માનસ ધરાવનાર બહેન રાજેશ્વરી ઉર્ફે બડી રાજુભાઈ રામચંદ્ર જાદવ (છારા) રહેવાસી- એ વોર્ડ કેકાડીવાસ સિંધી સ્કુલની બાજુમા કુબેરનગર અમદાવાદ શહેર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | રાજેશ્વરી ઉર્ફે બડી રાજુભાઈ રામચંદ્ર જાદવ (છારા) રહેવાસી- એ વોર્ડ કેકાડીવાસ સિંધી સ્કુલની બાજુમા કુબેરનગર અમદાવાદ શહેર |

- આ ઉપરાંત અન્ય પ્રોહીબીશનની પ્રવૃતિ સાથે સંકળાયેલ અન્ય ૨ ઇસમો મળી **<u>કુલ્લે ૭ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી</u>** તેઓને વડોદરા, રાજકોટ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.

# ઘરફોડ ચોરીનો આરોપીની અટકાયત

## જીઆઇડીસી વટવા પોલીસ સ્ટેશન :

### ઘરફોડ ચોરીનો નાસતો ફરતો આરોપી પકડી પાડતી જીઆઈડીસી વટવા પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ સાહેબ નાઓ તરફથી અમદાવાદ શહેરમાં હાલમાં વધતા ઘરફોડ ચોરીના ગુના અટકાવવા તેમજ ભેદ ઉકેલવા તેમજ નાસતા ફરતા આરોપીઓ પકડવા સારુ મળેલ સુચના અનુસંધાને તેમજ નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ શ્રી બીપીન આહીરે સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી 'જે' ડીવીઝન આર.બી.રાણા સાહેબ નાઓના માર્ગદર્શન તળે જીઆઈડીસી વટવા પો.સ્ટે અધિકારી/કર્મચારી કાર્યરત છે જે અનુસંધાને પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી ડી.આર.ગોહિલ નાઓના માર્ગદર્શન હેઠળ પો.સ.ઇ. શ્રી સી.એમ.રાઠોડ તથા મ.સ.ઇ મહેન્દ્રસિંહ લક્ષ્મણસિંહ તથા પો.કો ફીરોજશા મરદાનશા બ.ન.૯૦૦૧ તથા પો.કો. મહાવીરસિંહ હરીસંગ બ.ન.૬૯૬૫ તથા લોકરક્ષક દિવ્યરાજસિંહ રવિન્દ્રસિંહ બ.નં.૧૯૦ નાઓ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન મ.સ.ઇ મહેન્દ્રસિંહ લક્ષ્મણસિંહ તથા પો.કો ફીરોજશા મરદાનશા બ.ન.૯૦૦૧ નાઓને સંયુકત રાહે મળેલ બાતમી હકીકત આધારે  જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૩૬.૨૦૧૯ ઇ.પી.કો.કલમ ૪૫૪,૪૫૭,૩૮૦,૧૧૪ મુજબના કામના સંડોવાયેલ આરોપી હસરતઅલી ઉર્ફે લલ્લા સ/ઓ અકબરઅલી મુનાવર સૈયદ  ઉવ.૨૨ રહે,ચાર તોળા કબ્રસ્તાન મોટી મસ્જીદ સામે છાપરામાં ગોમતીપુર અમદાવાદ શહેર નાને પકડી અટક કરી સારી કામગીરી કરેલ છે.

આરોપી વિરૂધ્ધ દાખલ થયેલ ગુનાઓની વિગત

(૧) જી.આઇ.ડી.સી.વટવા પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં.૩૬/૨૦૧૯ ઇ.પી.કો.કલમ ૪૫૪,૪૫૭,૩૮૦,૧૧૪ મુજબ

(૨) બાપુનગર પો.સ્ટે. ફસ્ટ ગુ..ર.નં-૧૧૦/૨૦૧૬ ઇ.પી.કો.કલમ ૩૨૩,૩૨૪,૨૯૪(ખ),૧૪૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ

(૩) રખીયાલ પો.સ્ટે. સે.ગુ.ર.નં-૩૧૪૧/૨૦૧૬ ઇ.પી.કો. કલમ ૪૨૭, ૫૦૬(૨), ૧૧૪ મુજબ

(૪) ગોમતીપુર પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં-૫૪/૨૦૧૭ ૫૪/૨૦૧૭ ૩૭૯,૧૧૪ મુજબ

(૫) મણીનગર પો.સ્ટે. ૯૧/૨૦૧૮ ઇ.પી.કો. કલમ ૪૫૭,૩૮૦, ૧૧૪ મુજબ



# <u>વાહન ચોરીના આરોપીની અટકાયતની વિગત</u>

## <u>સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન :</u>

### <u>રીક્ષા ચોરીનું ડિટેકટશન કરવામાં આવ્યું</u>

શ્રી આશિષ ભાટીયા સાહેબ, પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા શ્રી અમીત વિશ્વકર્મા સાહેબ સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ તથા શ્રી પી.એલ.માલ સાહેબ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ તથા શ્રી એમ.એ.પટેલ સાહેબ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એ-ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારુ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરુધ્ધના કૃત્યો અટકાવવા કરેલ હુકમ આધારે સીનીયર પોલીસ ઇન્સ્પેક્ટર જે.પી.જાડેજા નાઓના સુપરવિઝન હેઠળ સર્વલન્સ સ્કોડના પો.સ.ઈ. જે.જે.રાણા નાઓની બનાવેલ ટીમ દ્વારા નીચે જણાવેલ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોરને મુદામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

- કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર:

- મુદામાલ : ઓટો રીક્ષા જેની કિ.રૂ.૧,૬૦,૦૦૦/- ની ગણી શકાય.

- શોધાયેલ ગુનો : સેકટર-૭ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં-૧૦૦/૨૦૧૯ ઈપીકો કલમ ૩૭૯ મુજબ

આ કામગીરીમા સુપરવિઝન જે.પી.જાડેજા પોલીસ ઈન્સ્પેકટર, તથા સર્વે સ્કોડ અ.હે.કો. તારીકમહંમદ સિકંદરભાઈ તથા પો.કો. જયરામભાઈ રેવાભાઈ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનના જોડાયેલા હતા.

# ચાઇનીઝ દોરીના આરોપીની અટકાયતની વિગત

## જીઆઈડીસી વટવા પોલીસ સ્ટેશન :

## પ્રતિબંધીત ચાઇનીજ દોરી સાથે ૨ આરોપીઓને પકડી પાડતી જીઆઈડીસી વટવા પોલીસ

આગામી મકરસંક્રાંતીના તહેવાર અનુસંધાને અમદાવાદ શહેરમાં બહારથી ઘાતક ચાઇનીજ દોરી લાવી ચોરી છુપીથી વેચાણ કરતા કરાવતા ઇસમો વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા સારૂ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટીયા સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ શ્રી નિપુર્ણા તોરવણે સાહેબ નાઓએ આપેલ સુચના અનુસંધાને નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ શ્રી બીપીન આહીરે સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી આર.બી.રાણા ‘જે’ ડીવીઝન સાહેબ નાઓના માર્ગદર્શન તળે જીઆઈડીસી વટવા પો.સ્ટે અધિકારી/કર્મચારી કાર્યરત છે જે અનુસંધાને પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી ડી.આર.ગોહિલ સાહેબ નાઓએ ઉત્તરાયણના તહેવાર અનુસંધાને પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચાઇનીજ દોરીનુ વેચાણ તેમજ હેરાફેરી અટકાવવા સારૂ સર્વેલન્સ સ્કોડ ના પો.સ.ઇ.શ્રી સી.એમ.રાઠોડ સાહેબ નાઓને આપેલ સુચના આધારે સર્વેલન્સ સ્કોડના મ.સ.ઇ.મહેન્દ્રસિંહ લક્ષ્મણસિંહ નાઓ તથા તેઓની ટીમના અ.પો.કો. જયંતીભાઇ નાગરભાઇ બ.ન.૬૧૬૯ તથા અપો.કો. બળદેવસિંહ ઘનશ્યામસિંહ બ.ન.૧૧૮૧૩ તથા અ.પો.કો. વિજયસિંહ ભુપતસિંહ બ.ન.૧૩૧૮૮ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીકત આધારે જી.આઇ.ડી.સી. વટવા રામોલ ગરનાળા પાસેથી આરોપી સુનિલ ભીખાભાઇ ચુનારા ઉવ.૩૫ રહે. અસ્લાલી ગામ ચુનારા વાસ તા.દસ્ક્રોઇ જિ.અમદાવાદ તથા કિરણભાઇ અરવિંદભાઇ ચુનારા ઉવ.૩૬ રહે. અસ્લાલી ગામ ચુનારા વાસ તા.દસ્ક્રોઇ જિ.અમદાવાદ નાઓને એક્ટીવા નં-જી.જે.૨૭.સી.એ.૫૩૪૫ ઉપર કોથળામાં છુપી રીતે પ્રતિબંધીત ચાઇનીજ દોરીના રીલ (ટેલર) નંગ ૩૦ કિંમત રૂપિયા ૪૫૦૦/- તથા મોબાઇલ ફોન ૨ કિં.રૂ.૧૦૦૦૦/- તથા એક્ટીવા કિં.રૂ.૩૦,૦૦૦/- તથા રોકડ રકમ રૂપિયા ૭૨૦૦/- મળી કુલ રૂપિયા ૫૧,૭૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી અટક કરી જીઆઇડીસી વટવા પો.સ્ટે ગુ.ર.નં (પાર્ટ-બી) ૦૦૦૮/૨૦૨૦ ઇ.પી.કો. કલમ ૧૮૮,૧૧૪ મુજબ પ્રતિબંધીત ચાઇનીજ દોરીના જાહેરનામાં ભંગનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરેલ છે.

**કૃષ્ણનગર પોલીસ સ્ટેશન :**

## પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ગે.કા.ચાઇનીઝ દોરીનું વેચાણ કરતા ઇસમને પકડી પાડતી કૃષ્ણનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન નાઓએ આગામી ઉત્તરાયણ પર્વના આવનાર તહેવારને લઇને અ`વાદ શહેર ખાતે મે.પો.કમિ.શ્રી નાઓએ ચાઇનીઝ દોરી,કાચની પાયેલ દોરી વડે પતંગ ચગાવવામાં ઉપયોગ કરવામાં આવતો હોય અને પર્યાવરણને નુકશાન કરતા હોય અને પશુ પક્ષીઓના જાનમાલને હાની પહોચાડતા હોય જેથી આવા ચાઇનીઝ દોરી તેમજ ચાઇનીઝ તુક્કલ વિગેરેનું ચોરી છુપીથી વેચાણ કરનાર ઇસમો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા જાહેરનામુ પ્રસિધ્ધ કરેલ હોય જે અન્વયે ઉપરી કચેરી તરફથી આવા કેશો સોધી કાઢવા સુચના કરેલ હોય જે અનુસંધાને કૃષ્ણનગર પો.સ્ટે. ના પો.ઇન્સ. શ્રી નાઓની સુચના મુજબ સર્વે.સ્કોર્ડના PSI શ્રી વી.એમ.ગોહિલ તથા સાથેના સ્ટાફના માણસો તા.૦૭/૦૧/૨૦૨૦ ના રોજ ઉપરોકત કામગીરી સારૂ સાંજના પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન રાતના જી.ડી.રોડ ત્રણ રસ્તા હનુમાનજીના મંદિર પાસે આવતા પોલીસ સ્ટાફની બાતમી હકિકત આધારે સૈજપુર ટાવરની પાછળ જાહેરમાં નીચે જણાવેલ ઇસમને રોડ ઉપર પાથરણુ કરી પતંગોની આડમાં ચાઇનીઝ બનાવટની દોરીનો જથ્થો ૩-નંગ ગરગડી ટાઇપ જેમાં MONOSKY NINJA તથા WATER PROOF ,NON TOXIC, SHOCK PROOF, NON METALLIC,VIBRANT COLORS લખેલ જે ૧-નંગ ની કિ.રૂ.૩૦૦/-લેખે ૩-નંગ ની કિ.રૂ.૯૦૦/-અને બીજો ૧- નંગ જે FIGHTER PANDA Prodact Kite Flying Manjha Artical No-PEIV-૯૦૪ Made in India લખેલ છે જે ૧-નંગમાં ૫,૦૦૦ વાર ચાઇનીઝ દોરી હોય જે કુલ્લે ૪-નંગ કિ.રૂ.૧૨૦૦/-નો મુદ્દામાલ ગેરકાદેસર રીતે સંતાડી રાખી કોઇપણ જાતના વેચવા અંગે લાયસન્સ કે પરવાના વગર ગેરકાયદેસર વેચાણ કરતા મળી આવતા સદરી ઇસમને તા.૦૭/૦૧/૨૦૨૦ ના ક,૨૦/૪૦ વાગે પકડી ધી,ઇ.પી.કો.કલમ-૧૮૮ તથા જી.પી.એકટ કલમ-૧૩૧,૧૧૭ મુજબ કાયદેસરની કાર્યવાહી કરી સારી કામગીરી કરેલ છે તા.૦૮/૦૧/૨૦૨૦

**આરોપીનું નામ** :- સનાભાઇ સ/ઓ માધુભાઇ નવાભગત જાતે વઢીયાર ઉ.વ.૩૫ રહે,મ.ન.૧૧૫/૧ બગીચા ગલી ગ્રામ પંચાયતની ઓફિસની બાજુમાં ઠક્કરનગર કૃષ્ણનગર અમદાવાદ શહેર

**કામગીરી કરનાર અધિકારી/કર્મચારી**

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા સંયુકત બાતમી આપનાર અ.પો.કો.હિરેનકુમાર મધુસુદન બ.નં-૧૧૮૦૨ તથા બીજા મ.સ.ઇ અશ્વિનકુમાર રામજીભાઇ બ.નં-૯૯ તથા તથા લોકરક્ષક વેલાજી હેમાજી બ.નં-૮૨૪ તથા લોકરક્ષક લાલાભાઇ દેવાભાઇ બ.નં-૪૮૩ તથા વુ.લોકરક્ષક જાગૃતીબેન શંકરભાઇ બ.નં-૨૧૧૯ તથા બીજા સાથેના માણસો



## <u>સોલા પોલીસ સ્ટેશન :</u>

### <u>“SHE TEAM” કરેલ કામગીરીની વિગત</u>

આજ રોજ ચાણક્યપુરી વિસ્તારમાં વિવિધ સોસાયટીમાં મુલાકાત લઈ એકલવાયુ જીવન જીવતા *કુલ 10 સિનિયર સીટીઝન* ને શોધી આજ રોજ રજીસ્ટ્રેશન કરવામાં આવેલ , તેમને અગત્યના કોન્ટેકટ/મોબાઈલ નંબર આપવામાં આવ્યા.

